**SMC/COMP/** નં.૧૭૮/ ૨૦૧૦–૧૧ તા.૧૩–૭–૧૦

અરજદારઃ– શ્રી છગનભાઈ બેચરભાઈ પટેલ

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– અરજદાર શ્રી છગનભાઈ બેચરભાઈ પટેલની તા.૬–૩–૧૦ ના રોજ વરાછા ઝોનના નાગરીક સુવિધાકેન્દ્ર ખાતે આપવામાં આવેલ અપીલ અરજીનો નિકાલ ન થવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની **SMC/COMP/** નં.૧૭૮ / ૨૦૧૦–૧૧ તા.૧૩–૭–૧૦

શ્રી છગનભાઈ બેચરભાઈ પટેલની તા.૧૩–૭–૧૦ ની આરટીઆઈ સેલની રૂબરૂ મુલાકાત દરમ્યાન જણાવ્યા અનુસાર તેઓ ધ્વારા તા.૬–૩–૧૦ ના રોજ વરાછા ઝોનના નાગરીક સુવિધાકેન્દ્ર ખાતે આપવામાં આવેલ અપીલ અરજીનો આજ દિન સુધી યોગ્ય તે નિકાલ કરવામાં આવેલ નથી એવું જણાવેલ છે અને સદર અરજીની ઝેરોક્ષ નકલ અત્રે રજૂ કરેલ છે. અત્રેનો રેકર્ડ જોતાં અપીલ અરજી વરાછાઝોન ધ્વારા અત્રેના વિભાગને મોકલવામાં આવેલ કે તબદીલ કરેલ હોવાનું જણાતું નથી. આથી અરજદારની નમુના–ક ની મુળ અરજીની નકલ ,આપવામાં આવેલ માહિતી નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા તથા નમુના–ક ની અરજી અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા લેવામાં આવેલ નિર્ણય અંગેની યર્થાથતા/ સ્પષ્ટતતા તથા વિલંબ અંગેના કારણો સહિત મુળ અપીલ અરજી સહિત તાકીદે મોકલવા તથા આરટીઆઈ એકટની કલમ–૬(૩) હેઠળ આવી અરજી દિન–૫ થી વધુ નહીં તેટલા સમયમાં અપીલ કરવાની આદેશાત્મક જોગવાઈ હોવા છતાં ચાર માસથી વધુ વિલંબ સુધી તે અંગે કાર્યવાહી કેમ થયેલ નથી તે અંગેની સ્પષ્ટતા સહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૭૭ તા.૧૪–૭–૧૦ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ઝેડ/એપેલેટ/આરટીઈ/અરજી નં.૪૯૭ તા.૧૯–૭–૧૦ થી પૂરક માહિતીમાં સદર અરજી ઝોન કચેરીને ઈનવર્ડ નં.૧૩૭૯ તા.૬–૩–૧૦ ના રોજ વરાછાઝોન નાગરીક સુવિધાકેન્દ્રને મળેલ જુની. ઈજનેર જયેશ શાહને મોકલવામાં આવેલ જેની ટપાલબુકની નકલ તથા ઈનવર્ડ રજીસ્ટરની નકલ પુરાવા તરીકે રજૂ કરેલ છે. અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૯૭ તા.૬–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારની અપીલ અરજીની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતો સાથે મળેલ છે. તે જોતાં અરજદારની તા.૧૩–૭–૧૦ ની વિલંબિત અપીલ અરજી સઘળી હકીકત અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી ગ્રાહય રાખવામાં આવે છે.

અરજદારની તા.૨૪/૨૯–૧૨–૦૯ ની આઈ ડી નં.૪૯૭ અરજીથી ટીપી સ્કીમ નં.૪ ફા.પ્લોટ નં.૧૭૪/એ, ૧૭૪/બી નવાગામમાં આવેલ હંસ કો.ઓ.હા.સો.લિ.માં આવેલ સોસા.ના આંતરીક રસ્તા ટીપી રોડને જોડતા રસ્તા વચ્ચે થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતમાં વારંવાર જણાવવા છતાં ફરીયાદ કરવા છતાં તેમજ આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગવા છતાં અધૂરી માહિતી મળેલ છે. જો અમને ખરી માહિતી આપવા તેમજ ગેરકાયદેસર બાંધકામ રસ્તા વચ્ચેના તોડી પાડવા તા.૧૬–૪–૦૯ ના રોજ ઈન્વર્ડ નં.૮૧ છે તેના આધારે તા.૯–૬–૦૯ ના રોજ સ્થળ તપાસ કરતી વખતે તા.૧૨–૫–૬૭ ના રોજ મંજુર થયેલ લેઆઉટ સાથે રાખી સ્થળ તપાસ કરેલ છે. તેવું ઓફિસ રીપોર્ટમાં તા.૯–૬–૦૯ ના રીપોટીંગમાં જણાવો છો. જે અમારી જે ફરીયાદ હતી તેના અનુસંધાનમાં રસ્તા વચ્ચેના તમામ ગેરકાયદેસરના રસ્તાની સ્થળ સ્થિતિ મંજુર થયેલ લેઆઉટ તા.૧૨–૫–૬૭ તે પ્લાન મુજબ સ્થળ તપાસ કરેલ છે તો તે બાબતે માહિતી મેળવવા બાબત. મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૯૭ તા.૬–૨–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેનાથી નારાજ થઈ અરજદારે તા.૬–૩–૧૦ ના રોજ વરાછાઝોનમાં અપીલ અરજી કરેલ. પરંતુ વરાછાઝોન તરફથી ફરીયાદની રજૂઆત ધ્યાને રાખી સદર અરજી ખાતાકીય કાર્યવાહી અંગે લાગત અધિકારીને મોકલવામાં આવેલ. સદર અપીલ બાબતે અરજદારે આરટીઆઈમાં રજૂઆત કરતાં અત્રેના વિભાગને આવી કોઈ અપીલ મળેલ ન હોવાથી અરજદારે તા.૧૩–૭–૧૦ ના રોજ રૂબરૂમાં અપીલની નકલ રજૂ કરી તા.૧૩–૭–૧૦ ના રોજ રીમાઈન્ડીંગ અપીલ અરજી રજૂ કરેલ. જેના અનુસંધાને અત્રેથી જાહેર માહિતી અધિકારી પાસેથી અપીલ અંગેની વિગતો તથા વિલંબ અંગે સ્પષ્ટતા માંગતો પત્ર પાઠવવામાં આવેલ. જેમાં પણ તેઓ તરફથી ખાતામાં કાર્યવાહી અર્થે મોકલવામાં આવેલ જણાય છે. જે અંગે ટપાલબુક તથા ઈન્વર્ડ રજીસ્ટરના પુરાવાઓ રજૂ કરી સ્પષ્ટતા કરેલ છે. અરજદારે ઈ.ઝેડ/આરટીઆઈ/૪૯૭ તા.૬–૨–૧૦ થી આપેલ માહિતી વાહીયાત જવાબો જણાવી અપીલ અરજીમાં કરેલ છે. વધુમાં અરજદારે લે આઉટ પ્લાન સાથે રાખી સ્થળ તપાસ કરેલ છતાં ખાલી બે રસ્તાઓ પર ગેરકાયદેસર બાંધકામ કરેલ રીપોર્ટ કરેલ છે. જયારે અન્ય બાબતે રીપોર્ટ કરેલ નથી તેવું જણાવેલ છે. સ્થળ પ્રમાણે તપાસ કર્યા પ્રમાણે માહિતીનો જવાબ આપવા જણાવેલ છે. મુદ્દા નં.(૧) તા.૧૬–૪–૦૯ ની અરજીના આધારે તા.૯–૬–૦૯ ના ઓફિસ રીપોટીંગમાં જણાવ્યા મુજબ તા.૧૨–૫–૬૭ ના રોજ મંજુર થયેલ લેઆઉટ પ્લાનની ફોટો કોપી સાથે રાખી સ્થળ સ્થિતિની તપાસ કરેલી તેના રીપોર્ટ કરેલ તેમાં અમારી ફરીયાદની અધૂરી વિગતનું વર્ણન કરેલ છે. તો બાકીની ફરીયાદનું વર્ણન કરેલ ન હોવાથી માહિતી અમુક રસ્તા વચ્ચેની કેમ ન આપી અને તેનું વર્ણન કેમ ન કર્યુ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ આવી કોઈ માહિતી આપવાની રહેતી નથી તેવું જણાવેલ છે. (૨) તા.૧૨–૫–૬૭ મંજુર પ્લાનની ફોટો કોપી સાથે રાખી સ્થળ તપાસ કરેલ છે. તો બંગલા નં.૫૦ ની દક્ષિણે આવેલ ૪૦ ફુટનો રોડ જે પાસ થાય છે તે રોડનો બંગલા નં.૫૦ પાસે આવતા બરોબર રોડની વચ્ચે બંગલા નં.૫૦ ના નૈઋત્ય

ખુણો ટીપી રોડને મળતા રોડને બંધ કરી રસ્તો બંધ કરેલ છે કે નહીં? ૧૨–૫–૬૭ ના મંજુર પ્લાન મુજબ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૨–૫–૬૭ થી મંજુર લેઆઉટનો નકશો અત્રે વરાછાઝોન ખાતે ઉપલબ્ધ જે તમો કચેરીમાં આવીને જોઈ શકો છો જે સ્વયં સ્પષ્ટ છે. તેવું જણાવેલ છે. (૩) તેવી જ રીતે તા.૧૨–૫–૬૭ મુજબ દક્ષિણે એટલે કે બંગલા નં.૫૦ ની દક્ષિણે પણ રોડની બરોબર વચ્ચે દિવાલ બનાવી રસ્તો બંધ કરેલ છે કે નહીં? ૧૨–૫–૬૭ ની મંજુર થયેલ પ્લાન મુજબ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ મુજબ (૪) તેવી જ રીતે સોસા.ની દક્ષિણે આવેલ રોડ ૪૦ નો રોડ પૂર્વતરફ જાય છે. તે રોડને પણ પૂર્વ દિશામાં બંધ કરી દીધેલ છે કે નહી તા.૧૨–૫–૬૭ ના મંજુર થયેલ પ્લાન મુજબ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ મુજબ (૫) તેવી જ રીતે બંગલા નં.૧૧ મહાનગરપાલિકાના રીઝર્વ પ્લોટ વચ્ચે જે સોસા.નો ૨૫ ફુટનો રોડ બરોડા તરફ રસ્તાને મળે છે તે પણ રસ્તાને બંધ કરી દીધેલ છે કે નહીં ૧૨–૫–૬૭ ના મંજુર થયેલ પ્લાન મુજબ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ મુજબ (૬) ફકત બે રોડ જ ધ્યાનમાં લીધા છે બાકીના ગરેકાયદેર બાંધકામ કરી રોડો રસ્તા બંધ કરી દીધેલ છે તેની વિગત કેમ નથી આપી અથવા કેમ વર્ણવી નથી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ મુજબ (૭) તા.૧૬–૪–૦૯ થી તા.ક. લખીને ચોખ્ખુ જણાવેલ છે ફરીયાદ કરેલ છે છતાં અધૂરી વિગતનું રીપોટીંગ કરીને અડધી વિગતનું જ રીપોટીંગ કરેલ છે ઉપરના પ્રશ્નના જવાબોની માહિતી આપશો. તા.૧૬–૪–૦૯ ની તા.ક. ની કરેલ ફરીયાદ નીચે મુજબ છે. " સાથે જોડેલ સોસા.ને પાઠવેલ પત્રપછી કોઈ જ કાર્યવાહી થઈ નથી તો બીપીએમસી એકટ તથા ગુજરાત ટાઉન પ્લાનીંગની જોગવાઈઓ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી હંસ સોસા.ના રસ્તાની વચ્ચે દિવાલો બનાવી ગેરકાયદેસર બાંધકામ કરી રસ્તા બંધ કરેલ છે. તેમજ રસ્તા વચ્ચે ગેરકાયદેસર બાંધકામ કરી ઉભા કરેલા શોપીંગ સેન્ટરો દુર કરવાની તાત્કાલીક કાર્યવાહી કરશો." તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ મુજબ મુદ્દા નં.૮ મંજુર થયેલ ડીએફઆર મુજબ બંને રોડ વચ્ચેના ગેરકાયદેસર બાંધકામ કેમ તોડવામાં નથી આવતા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ મુજબ મુદ્દા નં.૯ ઉપર મુજબના તમામ રસ્તા બંધ થયેલ છે ગેરકાયદેસર બાંધકામ કરીને બંધ કરી દીધેલ તમામ રસ્તાની ફરીયાદ છે. સ્થળ તપાસ પણ મંજુર લે આઉટ પ્લાન સાથે રાખીને કરેલ છે. છતાં ઉપર મુજબની જે માહિતી માંગી છે તે રસ્તામાં થયેલ ગેરકાયદેસર બાંધકામનું ઓફિસ રીપોટીંગ કરેલ નથી અને તોડવા માટેના કારણદર્શક નોટીસ પણ આપેલ નથી તો શા માટે નથી આપ તેનો પણ જવાબ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ મુજબ. અરજદારને આ અગાઉ પણ આરટીઆઈ હેઠળ તા.૨૩–૬–૦૮ ની કરેલ અરજી બાબતે ઈ.ઝેડ/આરટીઆઈ/૬૮૦ તા.૧૪–૭–૦૮ ની નકલ રજૂ કરેલ છે. જેમાં હંસ સોસા., વરાછારોડ, બંગલા નં.૫૦ ની દક્ષિણે અને પશ્ચિમે સોસા.ના આંતરીક રસ્તાઓ પર દિવાલ બનાવેલ છે તે પૂર્વ મંજુર લઈને બનાવેલ છે કે કેમ? જે બાબતે જાહેર માહિતી અધિકારીએ સદર દિવાલ બનાવવાની કોઈ મંજુરી અત્રે ઝોન કચેરી વરાછા ખાતેથી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. ત્યાર બાદ જો મંજુરી લીધા વિના બનાવેલ હોય તો દુર થઈ શકે? તેવા પ્રશ્ન બાબતે મંજુરી લીધા વગર બનાવેલ હોય અને જો તે કાયદેસર થઈ શકે તેમ ન હોય તો નિયમ મુજબ દુર કરી શકાય. વધુમાં આંતરીક રસ્તાઓ ઉપર આવી રીતે દિવાલ બનાવી રસ્તા બંધ કરવા પરમીશન આપી શકાય કે કેમ? તેવા પ્રશ્ન બાબતે મંજુર થયેલ પ્લાન મુજબ સ્થળ ઉપર બાંધકામ કરવાની જોગવાઈ છે તેવું જણાવેલ. વધુમાં અરજદારે પૂરી પાડેલ નોંધ વિભાગની નકલ સાથે રજૂ કરેલ છે જેમાં આમ આગાઉ હંસ સોસા. વરાછારોડના બં. નં.૫૦ ની દક્ષિણે અને પશ્ચિમે સોસા.ના આંતરીક રસ્તાની દિવાલ બાબતે માહિતી આપવામાં આવેલ છે. વધુમાં અરજદારની અરજી બાબતે પણ કાર્યવાહીનો લગતી બાબત હોય કરેલ રીપોર્ટ અંગે પણ અરજદારે ખુદ અપીલ અરજીમાં બે રોડોનું રીપોર્ટ કરવામાં આવેલ છે.તેવું જણાવેલ છે. અરજદારે મુળ અરજીમાં ટીપી સ્કીમ નં.૪ અશ્વનીકુમાર નવાગામ ૧૭૪/ એ ૭૪ / બી હંસ સોસા. આવેલ છે જેનો લે આઉટ પ્લાન તા.૧૨–૫–૬૭ ના રોજ મંજુર થયેલ છે. જેમાં દર્શાવેલ મુળ બંગલા નં.૬૦ અને ૮૦ વચ્ચેના આંતરીક ૨૫ ફુટ પહોળાઈના રસ્તા પર ભોંયતળીયાનું બાંધકામ ઘણા વર્ષોથી થયેલ છે. જેમાં દુકાન અને વસવાટ હોવાનું જણાવેલ છે. જયારે મંજુર લેઆઉટમાં દર્શાવેલ ડુપ્લેક્ષ ૮૧ ની પશ્ચિમે ૨૫ ફુટ પહોળાઈના રસ્તા તથા ૧૦ ફુટ બીજી જગ્યા સહિતનમાં નકશામાં દર્શાવ્યા મુજબ સ્થળ ઉપર ભોંયતળીયું બે માળ આરસીસી બાંધકામ ઘણા વર્ષો અગાઉ હોવાનું જણાવા મળેલ છે. શોપીંગ સેન્ટરનો કોમર્શીયલ ઉપયોગ ઘણા વર્ષોથી અગાઉથી વસવાટ પણ ચાલુ હોવાનું જણાયેલ છે. જે ગેરકાયદેસર બાંધકામો અરજીમાં જણાવેલ અન્વયે ઉપર જણાવ્યા પ્રમાણે માર્ગદર્શન આપવામાં આવેલ છે. પુનઃ તા.૨૨–૬–૦૯ ના રોજ કાર્યવાહી કરવાના યોગ્ય હુકમ માંગવામાં આવેલ છે. આમ અરજદારે મુળ અરજીમાં જણાવેલ ટીપી સ્કીમ નં.૪ ૧૭૪/એ ૧૭૪/બી બાબતે રીપોર્ટ કરવામાં આવેલ છે. વધુમાં અરજદારની અપીલમાં મુળ તકરાર બે રસ્તાઓ બાબતે રીપોર્ટ કરેલ છે અને અન્ય રસ્તાઓ બાબતે રીપોર્ટ કરેલ નથી તેવું અરજદારે ખુદ જણાવેલ છે. જેનો રીપોર્ટ થયેલ નથી તેની માહિતીનો અરજદારે આગ્રહ રાખેલ છે જે આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ સુસંગત નથી. અરજદારની ફરીયાદ ગેરકાયદેસર બાંધકામ કરીને રસ્તાઓ બંધ કરેલ હોવા છતાં ખાલી બે રસ્તાઓનો જ ઉલ્લેખ કરેલ છે બીજા રસ્તાઓનો ઉલ્લેખ છુપાયેલ છે જેની કાર્યવાહી સામે વાંધો હોવાની રજૂઆત કરેલ જણાય છે જે ફરીયાદ નિવારણને લગતી બાબત હેઠળ આવે છે.

અરજદાર કે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ૧૬–૪–૦૯ ના અરજદારના પત્રની નકલ રજૂ કરેલ નથી તેથી તેનું તુલનાત્મક વિશ્લેષણ કરી શકાયું નથી. તેમ છતાં અરજદારની પ્રસ્તુત અરજી હેઠળ તેમની તા.૧૬–૪–૦૯ ની અરજીમાં નિર્દિષ્ટ બાબતો પૈકી આંશિક બાબતે રીપોટીંગ કરેલ હોવાનું મુખ્ય તકરારી મુદ્દો છે. જે હકીકત નિર્દિષ્ટ બાબતની લાગત ફાઈલ પરથી જ સ્પષ્ટ થઈ શકે. અરજદારના મુદ્દા નં.૮ ની માહિતી જાહેર માહિતી અધિકારીએ દફતરી હકીકતે પૂરી પાડવી રહે. જે પૂરી પાડેલ નથી કે ઈન્કારનું કોઈ કારણ કે અપવાદ જણાવેલ નથી તે કાયદા સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૩–૭–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નકશાની ઉપલબ્ધી કરાવી અરજદારને સ્વયં સ્પષ્ટ જોઈ શકો છો. તેવી તક આપેલ છે પરંતુ અરજદારના મુદ્દા નં.ર થી ૭ તથા ૯ અંગે કોઈ સ્પષ્ટ માહિતી પૂરી પાડેલ ન હોઈ મુદ્દા નં.ર થી ૭ તથા ૯ અંગે અરજદારને લાગત ફાઈલ તથા તેમની ૧૬–૪–૦૯ ની અરજી અંગે હાથ ધરાયેલ કાર્યવાહીને લગતા તમામ દફતરની તપાસણી તથા મુદ્દા નં.૮ ની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા તથા તે પૈકી તેમની ૧૬–૪–૦૯ ની અરજી અંગે કરેલ રીપોર્ટની કે કોઈ શેરાની નકલ માંગે તો તે પણ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે. અરજદાર બાંધકામ બાબતેની ફરીયાદ નિવારણને લગતી બાબતે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ... ..જાણ તથા અમલ માટે
(ર) શ્રી છગનભાઈ બેચરભાઈ પટેલ,